# મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર, ગોધરા દ્વારા ટ્રાન્સફર ઓફ ટેકનોલોજી અંતર્ગત સાગબારા ગામમાં ખેડૂત શિબિર યોજાઇ

પંચમહાલ જિલ્લાનો મુખ્ય પાક એવા મકાઇ પાકના વધુ ઉત્પાદન માટે મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર, ગોધરા દ્વારા તાજેતરમાં મોરવા(હડફ) તાલુકાના સાગબારા ગામે ટ્રાન્સફર ઓફ ટેકનોલોજી યોજના હેઠળ તા.૦૪/૦૯/૨૦૧૭ ના રોજ તાલીમ શિબિર યોજાઇ હતી.

ખેડૂતોને મકાઇની આધુનિક તાંત્રિકતાઓથી વાકેફ કરવા એ ખૂબ જ અગત્યનું હોઇ આ અંગેની તાલીમ આપવા માટે ટ્રાન્સફર ઓફ ટેકનોલોજી યોજનાના ભાગરૂપે મોરવા(હડફ) તાલુકાના સાગબારા ગામે આયોજીત તાલીમમાં આદિવાસી વિસ્તારના અંદાજીત ૧૦૨ ખેડૂત ભાઇ-બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ડૉ એમ.બી.પટેલ, સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી(મકાઇ) એ મકાઇમાં નિંદામણ દુર કરવા માટે ભાર મુક્યો હતો તેમજ મકાઇની ખેતી માટે બીજના મહત્વ વિષે, બેબીકોર્ન મકાઇનો શાકભાજી તરીકે ઉત્પાદન લેવા, વેચવા અને ઘર માટે ઉપયોગ કરવા જણાવ્યુ હતુ અને પોપકોર્નથી થતા આર્થિક ફાયદા અંગેની ઉંડાણપૂર્વક માહિતી આપેલ હતી અને મૂલ્ય વર્ધિત જાતો વાવવા માટે ભાર મૂકયો હતો. ડૉ.એસ.એમ.ખાનોરકર, નિવૃત સંશોધન વૈજ્ઞાનિકશ્રીએ મકાઇનુ ઉત્પાદન ઓછુ આવવાના કારણો અને વધુ ઉત્પાદન મેળવવાની ચાવીઓ અને મકાઇમાં હાઇબ્રીડ બીજ વૃદ્ધિ કાર્યક્રમ, ગુણવત્તાસભર બિયારણ પેદા કરવા અંગે તથા સંકર જાતોના બિયારણ ઉત્પાદન કરવા અંગેની માહિતી આપી હતી.

પ્રો.કે.એચ.પટેલ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક(મકાઇ) એ મકાઇમાં ખાતરનું વ્યવસ્થાપન તથા નિંદામણ નિયંત્રણ અંગેની પધ્ધતિઓ ઉપર વિશેષ માર્ગદર્શન આપેલ હતુ તથા મકાઇના પાકની વાવણી સાંકળા ગાળે ના કરતા બે ફૂટના ગાળે કરવા ભાર મુકેલ હતો. ખેતી ખર્ચ ઘટાડવા માટે વરસાદના પાણીની બચત તથા ઉનાળામાં ઉંડી ખેડ કરવા ઉપર વિશેષ સુચન કરેલ હતું.

ડૉ.બી.એન. ઠક્કરએ પ્રથમ હરોળના નિદર્શનના હેતુ, પાયાની બાબતો, અમલ, ફાયદા, ધ્યાનમાં રાખવાની બાબતો અને મકાઇની ટેકાનોલોજી અંગેની માહિતી આપી હતી અને ખેડુતોની મુશ્કેલીઓનુ નિવારણ કરેલ હતુ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ.બી.એન. ઠક્કરએ કરેલ હતું.



